# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૮ તા.૨૨-૧૧-૨૦૨૨

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય -: નવી વર્ધિત પેન્શન યોજના (NPS) અંતર્ગત રાજ્ય સરકારનો સમાન ફાળો વધારવા બાબત.
સંદર્ભ -: નાણાં વિભાગ ઠરાવ ક્રમાંકઃનપન/૧૦૨૦૧૧/ડી/૨૪૫/પી(પા.ફા.૧) સચિવાલય ગાંધીનગર.
તા.૨૯-૧૦-૨૦૨૨

આથી તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે નાણાં વિભાગના તા.૧૮-૦૩-૨૦૦૫ ના ઠરાવથી તા.૦૧-૦૪-૨૦૦૫ કે ત્યારબાદ નિયમિત નિમણૂક પામેલ અધિકારી/કર્મચારીઓને નવી વર્ધિત પેન્શન યોજના (એન.પી.એસ.) હેઠળ આવરી લેવામાં આવેલ છે. એન.પી.એસ. અર્તગત કર્મચારીના મૂળ પગાર + મોંઘવારી ભથ્થાની ૧૦% રકમ ફરજીયાત કપાત કરવામાં આવે છે જેની સામે રાજય સરકાર દ્વારા ૧૦% સમાન ફાળા તરીકે જમા કરવામાં આવે છે. રાજ્ય સરકારનાં સંદર્ભિત ઠરાવથી રાજ્ય સરકારનાં એન.પી.એસ. હેઠળના અધિકારી/કર્મચારીઓની કપાત સામે સમાન સરકારી ફાળો નીચે મુજબ આપવાનું ઠરાવવામાં આવેલ છે.

| ક્રમ | કર્મચારીનો ફાળો | સમાન સરકારી ફાળો |
|---|---|---|
| ૧ | ૧૦% | ૧૦% |
| ૨ | ૧૨% | ૧૨% |
| ૩ | ૧૪% | ૧૪% |

એન.પી.એસ અંર્તગત અધિકારી/કર્મચારીના મૂળ પગાર + મોંઘવારી ભથ્થાની ૧૦% રકમ ફરજીયાત કપાત કરવાની જોગવાઇ યથાવત રહેશે પરંતુ જે અધિકારી/કર્મચારી પોતાનો ફાળો વધારવા માંગતા હોય તેમણે ૧૨% અથવા ૧૪% પૈકીના કોઇપણ એક વિકલ્પ મુજબ કપાત કરવાનો વિકલ્પ પસંદ કરવાનો રહેશે. અધિકારી/કર્મચારીએ પસંદ કરેલ વિકલ્પ મુજબની રકમ સમાન સરકારી ફાળા તરીકે જમા કરાવવાની રહેશે.

અધિકારી/કર્મચારીએ સંબંધિત પગાર બિલ ક્લાર્કને કપાતની ટકાવારી અંગેનો વિકલ્પ આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ માં તથા શાળાના મુ.શિ.એ પરિશિષ્ટ-૨ માં શાળાનાં તમામ/કર્મચારીઓએ આપેલ વિકલ્પને એકંદરી કરીને દિન-૩ માં આપવાના રહેશે. પરિશિષ્ટ-૧ ની નોંધ સેવાપોથીમાં રાખવાની રહેશે. જે અધિકારી/કર્મચારીએ ૧૨% કે ૧૪% નો વિકલ્પ સ્વીકારવો ન હોય તેઓએ પણ ફરજીયાત પણે ૧૦% નો વિકલ્પ પરિશિષ્ટમાં જણાવી સંબંધિત પગાર બિલ ક્લાર્કને આપવાનો રહેશે. સંબંધિત પગાર બીલ ક્લાર્કે તા.૦૧-૧૧-૨૦૨૨ થી અધિકારી/કર્મચારીના વિકલ્પ મુજબની કપાત કરવાની રહેશે. નાણાંકીય વર્ષમાં એક વાર વિકલ્પ આપ્યા બાદ કોઇપણ સંજોગોમાં બદલી શકાશે નહી.

બિડાણ :- પરિશિષ્ઠ-૧ અને પરિશિષ્ઠ-૨

તા.૨૨-૧૧-૨૦૨૨

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નવી પેન્શન યોજના (NPS) અંતર્ગત રાજ્ય સરકારનો સમાન ફાળો વધારવા અંગે વિકલ્પ આપવા બાબત :

સંદર્ભ : નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: નપન/૧૦૨૦૧૧ડી/૨૪૫/પી(પાફા -૧) તા ૨૯/૧૦/૨૦૨૨

પરિશિષ્ટ-૧

## વિકલ્પ :

આથી હું ........................................................................................................

હોદ્દો ........................................................................................................

શાળાનું નામ ........................................................................................................

PRAN નંબર: ........................................................................................................

આથી નાણાં વિભાગના તા ૨૯/૧૦/૨૦૨૨ ના સંદર્ભ દર્શિત ઠરાવ અનુસાર અધિકારી/ કર્મચારીઓની કપાત સામે સમાન સરકારી ફાળો આપવાનુ ઠરાવવામાં આવેલ હોઇ આ ઠરાવ ધ્યાને લઇ ૦૧/૧૧/૨૦૨૨ થી નવી પેન્શન યોજના (NPS) અંતર્ગત મારા પગાર માંથી ..........% લેખે કર્મચારીનો ફાળો કપાત કરવા વિકલ્પ આપુ છુ.

(કર્મચારીનુ નામ અને સહી)

સ્વિકાર્યુ :

મદદનીશ શાસનાધિકારી

| પરિશિષ્ઠ-૨ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સી.પી.એફ.ની કપાત અંગે વિકલ્પ સ્વીકારરવાનું નમૂનાનું પત્રક | | | | | | | |
| ક્રમ | PRAN No | એમ્પલોઇ નં. | ડિપાર્ટ નં. | કર્મચારીનું નામ | CPF ની કપાત નિયમ મુજબ ૧૦ % | CPF ની કપાત નિયમ મુજબ ૧૨ % | CPF ની કપાત નિયમ મુજબ ૧૪ % |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

મુ.શિ.

..........................શાળા

મંજૂર

મદદનીશ શાસનાધિકારી

નોંધ શાળાના સહિ સિકકા સાથે મોકલવી.